# મોડાસાની સાર્વજનિક હોસ્પીટલના કર્મચારીઓને સરકાર તરફથી પગાર ન મળતા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ

## સરકારમાં રજુઆત કરતાં ગ્રાન્ટ ના હોવાનો રાગ આલાપતા મંત્રીઓ

મોડાસા તા.૧
મોડાસા ની સાૃવજનીક હોસ્પીટલ ના કર્મચારીઓને છેલ્લા ૪ મહિનાથી સરકાર ધ્વારા ગ્રાન્ટ ના ફાળવતા પગારથી વંચિત રહેતા કર્મચારીઓ એ આજે અરવલ્લી જીલ્લા કલેકટર એસ.છાકછુઆક ને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ

મોડાસા ખાતે રસિકલાલ શાહ સાર્વજનિક હોસ્પીટલ આવેલી છે આ સાર્વજનીક હોસ્પીટલ માં ડોકટરો અને કર્મચારીઓ મળી ને કુલો ૮૦ જેટલા કર્મચારીઓ કામ કરે છે આ સાર્વજનિક હોસ્પીટલ એ રાજસ્થાન ની સરહદ ને અડી ને આવેલા મોડાસા શહેર માં આવેલી છે ત્યારે આ હોસ્પીટલ ના કર્મચારીઓ રાત દિવસ જોયા વગર દર્દીઓ ની સેવા કરતા હોય છે ત્યારે આ હોસ્પીટલ માં કર્મચારીઓ નો પગાર સરકાર માંથી આવતી ગ્રાન્ટ માં થી થતો હોય છે પરંતુ ડીસેમ્બર ૨૦૧૪ થી લઈ ને માર્ચા ૨૦૧૫ સુધી સરકાર તરફથી ગ્રાન્ટ ના ફળવાતા હોસ્પીટલ ના કર્મચારીઓ અને ડોકટરો મુશ્કેલી માં મુકાયા છે આ અંગે હોસ્પીટલ ના ટ્રસ્ટીઓ ધ્વારા સરકાર માં બેઠેલા મંત્રીઓ ને પણ વારંવાર રજુઆત કરવા છતાં પણ આોરગ્ય મંત્રી ધ્વારા ગ્રાન્ટ નથી તેવો રાગ આલાપયો હતો ત્યારે આ વાત હતી અરવલ્લી જીલ્લા ની હોસ્પીટલ ની પરંતુ ગુજરાત રાજય ની ૧૨૦ જેટલી સાર્વજનીક હોસ્પીટલ ના કર્મચારીઓ ને ગ્રાન્ટ ના હોવાને લીધે પગાર ચુકવાયો નથી ત્યારે આજ રોજ મોડાસા સાર્વજનિક હોસ્પીલા ના ટ્ઢરસ્ટીઓ ડોકટરો અને કર્મચારીઓ મળી ને આજે મોડાસા કલેકટર કચેરી ખાતે અરવલલી જીલ્લા કલેકટર એસ.છાકછુઆક ને આવેદનપત્ર પાઠવી આ અંગે રજુઆત કરવામાં આવી હતી જો અઠવાડીયા ની અંદર આ હોસ્પીટલ ને સરકાર ધ્વારા ગ્રાન્ટ ફાળવવામાં નહી આવે તો હોસ્પીટલ ના તમામ કર્મચારીઓ ગાંધી ચીધ્યા માર્ગે આંદોલન કરે તો નવાઈ વાત નહી.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# હવે હિંમતનગરના સિરામિક ઉદ્યોગોને મોરબીના ભાવે કોમર્શીયલ ગેસ મળશે

## ધારાસભ્યના પ્રયાસોથી રૂ. ૭નો ગેસના ભાવમાં ઘટાડો

હિંમતનગરના સિરામિક ઉદ્યોગોને હવે મોરબી સિરામિક ઉદ્યોગોને મળતા ભાવે કોમર્શીયલ ગેસ આપવાના મહત્વના નિર્ણયથી મંદીમાં છપડાયેલા હિંમતનગરના સિરામિક ઉદ્યોગોને મોટી રાહત થશે.

હિંમતનગરના સિરામિક ઉદ્યોગોને હાલ કોમર્શીયલ ગેસ રૂ. ૩૯ના ભાવે મળતો હતો, જ્યારે મોરબીના સિરામિક ઉદ્યોગોને રૂ. ૩૨ના ભાવે ગેસ મળે છે. આમ મોરબી અને હિંમતનગરના સિરામિક ઉદ્યોગોને મળતા કોમર્શીયલ ગેસના ભાવમાં મોટી વિસંગતાને લઈ સિરામિક ઉદ્યોગોના સંચાલકો દ્વારા હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા સમક્ષ રજુઆત કરતાં ધારાસભ્યએ મોરબી અને હિંમતનગરના સિરામિક ઉદ્યોગને મળતાં ગેસમાં વિસંગતતા દૂર કરવા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સમક્ષ અસરકારક રજુઆત કરતાં મુખ્ય મંત્રીએ ધારાસભ્યની રજુઆતને પગલે મોરબીના સિરામિક ઉદ્યોગોને જે ભાવે ગેસ મળે છે તે ભાવે હિંમતનગરના સિરામિક ઉદ્યોગોને ગેસ આપવાનો નિુર્મય લેતા હિંમતનગરના સિરામિક ઉદ્યોગોને મોટી રાહત મળશે.

હાલ હિંમતનગરના સિરામિક ઉદ્યોગોને રૂ. ૩૯ના ભાવે ગેસ મળે છે. જે હવે રૂ. ૩૨ના ભાવે ગેસ મળશે. હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાના પ્રયાસોથી મંદીમાં સપડાયેલ સિરામિક ઉદ્યોગોને ગેસના ભાવમાં ઘટાડો થતાં મોટી રાહત થશે.

# અરવલ્લી જિલ્લામાં પોલીસના નામે તોડ કરતી નકલી પોલીસ ગેંગ ઝડપાઈ

મોડાસા, તા. ૧
અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ગાજણ ટોલટેક્સથી શામળાજી માર્ગ પર આવેલા સુરપુર-મરડીયા નજીક રાજ્યધોરી માર્ગ પરથી પસાર થતા વાહનો અને ટ્રકોને અટકાવી ધમકાવી મારઝુડ કરતી નકલી પોલીસ ગેંગના સભ્યો ટ્રકચાલકની સતર્કતાથી ઝડપાયા.

મોડાસા તાલુકાના મોડાસા-શામળાજી રાજ્ય માર્ગ પર ગાજણ ટોલટેક્સથી શામળાજી રાજ્ય માર્ગ પર ૫ કિ.મી.ના અંતરે આવેલા સુરપુર (મરડીયા) નજીક ખાનગી વાહન જીપમાં પોલીસ ઉપયોગમાં લે છે તેવા દંડા રાખી રોડની વચ્ચોવચ જાહેરમાર્ગ પર જીપગાડીની આડાશ મુકી રાજસ્થાન તરફથી આવી રહેલા ટ્રક અને અન્ય વાહનચાલકોને રોકીને પોલીસના નામે ધમકી આપી ગડદાપાટુનો માર મારી રૂપિયા તડફડાવતી ટોળકી સક્રિય બની હતી. ત્યારે ગીકાલે રાત્રએ ૨.૩૦ કલાકે શામળાજી તરફથી આવી રહેલી ટ્રકના ટ્રકચાલક કુલદીપસિંઘ સરદાર (બાન્ડીયા ભટ્ટા, જી. ઉધ્ધમસીંગનગર, ઉત્તરાખંડ)ને સુરપુરની સીમમાં જીપગાડી(નં. જીજે૦૪-ડી-૭૬૧૮)ની આડાશ મુકી ઉભી રાખી પોલીસના નામે ધમકાવી, માર મારી મોડાસાના કરણભાઈ હિમાંશુભાઈ ઓજા, કાળુસિંહ જવાનસિંહ પરમાર (ચારણવાડા), સંજયભાઈ બબજી ઠાકોર (સુરપુર), ગણપતસિંહ રજુસિંહ સોલંકી (વાઘાડીયા) તા. મોડાસા ચારેય શખ્સોએ ટ્રકના ચાલકનાં પાસે રહેલી ૫૦૦૦ જેટલી રકમ પડાવી લીધી હતી. ગાજણ ટોલટેક્સ નજીક ઉભેલી પોલીસે જોતાં ઉપરોક્ત ઘટનાનું વર્ણન કરતા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ઝાલા અને રાઈટર ચંદ્રસિંહ બાપુએ તાત્કાલિક સુરપુરની સીમમાં જી પોલીસના નામે તોડ કરતી નકલી પોલીસ ગેંગના સભ્યોને ઝડપી પાડી ગુન્હાને અંજામ આપવા વાપરતા જીપગાડીને જપ્ત કરી તમામ આરોપીઓને જેલના હવાલે કરી દીધા હતા.


(તસવીર : જય અમીન, મોડાસા)

# શામળાજી પોલીસે ૧.૩૭ કરોડનો વિદેશી દારૂ ઝડપ્યો


(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

શામળાજી, તા. ૧
અરવલ્લી જિલ્લાના ભીલોડા તાલુકાના શામળાજી નજીક નેશનલ હાઈવે નં. ૮ પર આવેલી રતનપુર ચેકપોસ્ટ નજીકથી શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ઝાલા અને પોલીસ સ્ટાફ દ્વારા આજે બે અલગ ટ્રક અને કન્ટેઈનરમાંથી ૧.૩૭ કરોડ રૂપિયાનો દારૂ ઝડપી પાડ્યો હતો. શામળાજી પોલીસના સઘન પેટ્રોલીંગથી આંતર રાજ્ય બુટલેગરો અને સ્થાનિક બુટલેગરોમાં સોંપો પડી ગયો છે. શામળાજી પોલીસે આરોપીઓને જેલને હવાલે ધકેલી દીધા હતા.

ભીલોડા તાલુકાના શામળાજી પોલીસ સ્ટેશનના પીએસઆઈ ઝાલા અને તેમના સ્ટાફ દ્વારા આજે શામળાજી નજીક આવેલી રતનપુર ચેકપોસ્ટ પર વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. ત્યારે બપોરના ૧૨.૩૦ કલાકે રાજસ્થાન તરફથી આવી રહેલા કન્ટેઈનર (ગાડી નં. પીબી૦૩-ડબલ્યુ-૭૧૬૧)ની શંકાના આધારે કન્ટેઈનરની અંદર તપાસ હાથ ધરતાં અંદરથી વગર પાસ પરમીટનો વિદેશી દારૂની ૨૨૫૬૦ પેટીઓ ઝડપી પાડી હતી. જેની કિંમત રૂ. ૫૬,૪૦૦૦૦ થવા જાય છે. અનેકન્ટેઈનર ચાલક સતનામસીંગ શીખ (રહે. દાતા પંજાબ)ની ધરપકડ કરી કન્ટેઈનરને પાઈલોટીંગ કરી રહેલી સ્વીફ્ટ ડીઝાયર કાર (ગાડી નં. ઓપી૧૪બીએક્સ-૫૩૦૬)ને ઝડપી પાડી વિદેશી દારૂ ભરેલી ટ્રક કન્ટેઈનરને પેટ્રોલીંગ હોવાથી કારમાં સવાર ત્રણ આરોપીઓ મગરસીંગ (રહે. દાતા પંજાબ, જગતારસીંગ (બઠીંડા, પંજાબ, સુખવિંદરસીંગ (રહે. આલમવાલા, પંજાબ)ને ઝડપી પાડવામાં આવ્યા હતા. જેમાં કન્ટેઈનર, સ્વીફ્ટ કાર, મોબાઈલ નંગ-૫ અને રસ્સી મળી કુલ ૭૬,૪૪૦૦૦ રૂ.નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. શામળાજી પોલીસને બાતમી મળતાં બાતમીના આધારે રાજસ્થાન તરફથી મુકેશ નામના શખ્સ દ્વારા ટ્રકમાં (ગાડી નં. એચઆર૨૮જી૫૦૬૦)માં વગર પાસ પરિમિટનો વિદેશી દારૂ કુલ પેટી નંગ ૧૦૧૦ કિંમત રૂ. ૫૧,૨૧,૬૦૦નો વિદેશી દારૂ જડપી પાડવામાં સફળતા મળી હતી. આમ શામળાજી પોલીસ દ્વારા આજે કુલ ૧.૩૭ કરોડનો દારૂ ઝડપવામાં સફળતા મળતાં બુટલેગરોમાં ફફડાટ વાપી ગયો હતો. જ્યારે વગર પાસ પરમિટ વગરનો વિદેશી દારૂની હેરાફેરી કરવાના ગુનામાં પ્રોહીબીશન એક્ટ હેઠળ શામળાજી પોલીસે ગુન્હો નોંધી ઝડપાયેલા પાંચેય આરોપીઓને જેલના હવાલે કરી દીધા હતા.

# ભિલોડા તાલુકાના અંધારીયા ગામમાં ઘઉંના ખેતરમાં શોર્ટ-સર્કીટથી આગ

પ્રતિનિધિ ધ્વારા ભિલોડા,તા.૧
સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં યુ.જી.વી.સી.એલ.ના કર્મચારીઓની બેદરકારીના કારણે સીમવિસ્તારોમાં ભારે પવન ફુંકાતા વીજ તણખા ઝરતા અમુક ખેતરોમાં ઘઉંનો પાક બળીને ખાખ થઈ જવાથી ખેડુતોને મોટા પાયે નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.હંમેશાં ખેડુતનું નસીબ બે ડગલા પાછળ જ હોય તેમ ખેડુતોને પડતા પર પાટુ મારવા જેવો ઘાટ સર્જાયો છે.યુ.જી.વી.સી.એલ.ના કર્મચારીઓની બેદરાકરીના કારણે દર વર્ષે શોર્ટ-સર્કીટના અનેક બનાવો છતાં વીજ તંત્રની ઉંઘ ઉડતી નથી.યુ.જી.વી.સી.એલ.ની બેદરકારીનો ભોગ ખેડુતો અને મહામુલો પાક બનતો હોય છે.ખેડુતોની હાલતની હાલત દયનીય બની ગઈ હતી.

ભિલોડા તાલુકાના અંધારીયા ગામના સીમ વિસ્તારમાં આવેલ ખેતરમાં ઘઉંના પાક ઉપરથી વીજળીની લાઈન પસાર થઈ રહી હતી ત્યારે જોરદાર પવનની થપાટોને લીધે વીજ લાઈનના લુંઝ લટકતા તાર ભેગા થઈ જતાં વીજ વાયરના તણખા ઘઉંના ખેતરમાં પડતાં ઘઉંનો પાક બળી ગયો હતો.અંધારીયા ગામના વનરાજભાઈ ડામોરના જણાવ્યા મુજબ ખેડુત ભુરજીભાઈ નાનજીભાઈ ડામોરને અંદાજીત રૂા.૧૫,૦૦૦/-થી વધુ નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.

ભિલોડા તાલુકાના જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર કર્મચારીઓની આડોડાઈ અને આળસના કારણે ઘઉંના પાક ઉપર વીજ વાયરોના તણખલાં ઝરતાં ઘઉંનો પાક બળી ગયો હતો.અંધારીયા ગામના ખેડૂતને નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.અંધારીયા ગામના ગ્રામજનોની એકતાના કારણે ખેડુતોએ તાબડતોબ ઘઉના ખેતરમાં પાણીનો મારો ચલાવી મહામહેનતે ઘઉંના ખેતરમાં લાગેલી આગ ઉપર કાબુ મેળવી લીધો હતો પરંતુ ઘઉંના પાકનો અડધા ખેતરમાં બચાવ થયો હતો.એક તરફ કમોસમી વરસાદને કારણે ખેડુતોને ઘઉંના પાકમાં મોટા પાયે નુકશાન થયેલ છે ત્યારે યુ.જી.વી.સી.એલ.ના કર્મચારીઓની બેદરકારીના કારણે વીજ તણખા ઝરતા ઘઉંનો પાક બળી ગયો હતો.

ભિલોડા તાલુકાના અંધારીયા ગામના જાગૃત ખેડૂતોના જણાવ્યા મુજબ યુ.જી.વી.સી.એલ.કંપનીના વર્ષો જુના થાંભલા,વીજ વાયરો જાણે કે ખેતરોમાં ઝુલતા મીનારા જેવા લટકતા રહેતા હોય છે.ક્યારેક- ક્યારેક પવનની થપાટોને કારણે વીજ તારો ભેગા થવાના લીધે તણખલાં ઝરતા હોય છે.ખેડૂતોના હાથમાં આવેલો કોળીયો જોત-જોતામાં ઝુંટવાઈ જતો હોય છે.વીજ તાર ભેગા થવાના કારણે ખેડૂતોના રીંગબોર અને કુવામાંથી પાણી ખેંચવાની સબમર્સીબલ મોટરો પણ ક્યારેક-ક્યારેક બળી જાય છે.ખેડુતોને ક્યારેક-ક્યારેક મોટાપાયે નુકશાન સહન કરવાનો વારો આવે છે.યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારીઓ ધ્વારા થાંભલાઓ ઉપરની વીજ લાઈનોનું સમારકામ સત્વરે હાથ ધરવામાં આવે તેવી જાગૃત ખેડૂતો અને પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.


તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

# હિંમતનગરના લેન્ડ રેકર્ડ કચેરીના નલીનભાઈ સોનીનો વયનિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો


હિંમતનગર, તા. ૧
સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરની લેન્ડ રેકર્ડ કચેરીમાં હેડ ક્વાટર્સ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી નલિન સોની વયનિવૃત્ત થતાં તેમનો વિદાય સમારંભ ડી.એલ.આર. બી.આઈ. પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમના પ્રારંભમાં શાખાના વડા પટેલે નલિન સોનીને વય નિવૃત્તિ બાદના નિરામય જીવન માટે શુભેચ્છા પાઠવી હતી. અને તેમની કામગીરીને બિરદાવી, સોનીને સાચા કર્મયોગી ગણાવ્યા હતા. કાર્યક્રમના અંતે શ્રી નલિન સોનીએ પોતાના ફરજકાળ દરમિયાનના સંસ્મરણો વાગોળતા જણાવ્યુંહતુંકે, સુરત કચેરીથી ૧૯૭૮માં નોકરીનો પ્રારંભ કરી વિવિધ પોસ્ટુ પર ઈડર, વડાલી, ખેડબ્રહ્મા તથઆ બૃહદ સાબરકાંઠાના માલપુર અને બાયડ ખાતે ફરજ બજાવી હતી તો હેડ ક્વાટર્સ આસિસ્ટન્ટ તરીકે હિંમતનગર ખાતે પણ ફરજ બજાવી હોવાનું જણાવી પોતાના ૩૭ વર્ષના કાર્યકાળ દરમિયાન લોકહિતના કામ કર્યાનો આનંદ અનુભવ્યો હોવાનું ઉમેર્યું હતું.

વયનિવૃત્ત વિદાય સમારંભમાં સાબરકાંઠા જિલ્લા રેવન્યુ કર્મચારી મંડળના પ્રમુખ દેવેશળ પટેલ, જે.વી. શ્રીમાળી, લેન્ડ રેકર્ડ કર્મચારી મંડળના પ્રમુખ સંજય જોષી સહિત કચેરીના કર્મચારીઓતથા તેમના પરીવારજનોતેમજ સ્વજનોઅનેમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.



# અલવાકંપા નજીક ટોલટેકસે પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો માહોલ સર્જાયો

## ૫ કિમિ સુધી વાહનોની લાબી કતાર લાગી : ૧૧ સાયન્સ ની પરીક્ષા આપવા જતા વિધાર્થીઓ ૨૦ મીનીટ મોડા પડયા


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા તા.૧
કેન્દ્ર સરકાર ધ્વારા થોડાક સમય પહેલા મોડાસા નડીયાદ ને જોઈતો ૮૦ કિ.મી નો માર્ગ બનાવામાં આવ્યો હતો જનો ગઈકાલે રાત્રે ૧૨ વાગ્યા થી ટોલ ઉઘરાવાની શરૂઆત કરવામાં આવી હતી જયારે આજે વહેલી સવારે ટોલટેક્ષ ઉપર પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો માહોલ સર્જાયો હોય તેમ ટોલ ઉઘરાવામાં એક જ નાકુ હોવાને લઈ ને આ હાઈવે ઉપર ૫ કિ.મી સુધી વાહનો ની લાબી કતારો લાગી હતી જયારે આ હાઈવે દિલ્હી અમદાવાદ ને જોડતો માર્ગ છે જેથી મોટા ભાગના વાહનોની અવરજવર અહિયા થી થાય છે ત્યારે આજે સવારે ટોલટેક્ષ ઉપર વાહનો ની ૫ કિ.મી લાબી લાઈનો લાગતી હતી જેને લઈ ને નોકરી પર જતા કર્મચારીઓ અટવાયફા હતા જયારે બીજી બાજુ ધો ૧૧ સાયન્સ ના બીજા સેમેસ્ટર ની પરીક્ષા ચાલતી હોઈ બાયડ તાલુકા ના વીદ્યાર્થીઓ મોડાસા ખાતે પરીક્ષા આપવા જતા હોઈ આ વાહનો ની લાગેલી લાબી કતારો ના લીધે અટવાઈ પડયા હતા અને પરીક્ષા માં ૨૦ મીનીટ મોડા પહોચ્યા હતા જેથી આ વિદ્યાર્થીઓ ના વાલીઓ રોષે ભરાયા હતા ત્યારે ટોલટેક્ષ સતતાવાળાઓ એ યોગ્ય આયોજન કરવુ જોઈએ નહિતો આગામી સમય માં લકો ના રોષ નો સામનો કરવો પડે તો નવાઈ નહિ

# ઊંઝામાં જહુમાતા મંદિરે ચૈત્રી પૂનમે પાટોત્સવ યોજાશે

ઊંઝા, તા. ૧
ઊંઝા ખાતે ભાટવાડામાં આવેલ શ્રી જહુ માતાજીના મંદિરે ચૈત્ર સુદ પૂનમ અને ચૈત્ર વદ એકમ તા. ૪ અને ૫ એપ્રિલના રોજ જીવદયાના પ્રતિક સમા બારમા પાટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તા. ૪-૪-૧૫ શનિવાર ચૈત્રી પૂનમના રોજ સવારે મંદિરમાં અન્ન સેવા કરતા વરિષ્ઠ નાગરિક મંડળ દ્વારા આરતી થશે અને માતાજીનો અલૌકિક અન્નકૂટ ભરાશે.

આ દિવસે સવારે ભવ્ય શોભાયાત્રા નીકળશે. જે જહુ માતાજીના મંદિરથી નીકળી વાડી પરાચોક, શ્રી મહાકાલી મંદિર જીમખાના, મહિલા કોલેજ, સરદાર ચોક, ગાંધીચોક થઈને નીજ મંદિરે પરત ફરશે. આ પ્રસંગે શ્રી જોગમાયા મેલડી માતાજી મંદિર શાહીબાગ અમદાવાદ તરફથી માતાજી દ્વારા નિર્મિત વણથંભી રથ (સિંહાસન) શ્રી જહુ માતાજી મંદિર ઊંઝાને ૧૦૮ શ્રી જોગમાયા શક્તિ પિઠાધિશ્વર મુન્નાભગત દ્વારા અર્પણ કરાશે. તેમજ અન્ન સેવા સદનમાં સેવા આપતી ૪૨૧ બહેનોને સ્મૃતિભેટ આપી સન્માનિત કરવામાં આવશે. જ્યારે ચૈત્ર વલદ એકમ તા. ૫-૪-૧૫ના રોજ સવારે યજ્ઞ તથા મહા ગણેશ યાગનો પ્રારંભ થશે. જેની પૂર્ણાહુતિ સાંજે થશે. રાત્રે ગરબા અને મધરાતે દિવય આરતી કરાશે તેવું શ્રી જહુ માતાજીના ઉપાસક અરવિંદભાઈ બારોટે જણાવ્યું છે.

# હિંમતનગર તાલુકામાં ૧૫ કરોડના ખર્ચે ૧૫ જેટલા રોડ-રસ્તાના કામોને મંજૂરી

હિંમતનગર, તા. ૧
હિંમતનગર તાલુકાના જુદા જુદા ગામોમાં રૂ. ૧૫ કરોડના ખર્ચે નવા રોડ રસ્તાઓ માટે માર્ગ મકાન વિભાગે મંજૂરીઓ આપી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાવા કાર્યપાલક ઈજનેરને સૂચના આપી છે. તાલુકામાં એક પણ ગામ રોડ-રસ્તાથી વંચિત ના રહે તેવા અભિગમ સાથે હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ ગામડાઓની મુલાકાત લઈ સર્વે કરી રોડ રસ્તાઓના કામો માટે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને માર્ગ અને મકાન મંત્રી નીતિનભાઈ પટેલ સમક્ષ રજુઆત કરતાં ધારાસભ્યની રજુઆત પરત્વે તાત્કાલિક અસરથી રૂ. ૧૫ કરોડની માતબર રકમ ૧૫ જેટલા રોડ રસ્તાોના માટીકામ, મેટલકામ, નાળાકામ અને ડામર કામ માટે મંજૂર કર્યા છે. અને ટેન્ડર પ્રક્રિયા હાથ ધરતા કાર્યાપાલક ઈજનેરને સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત પ્રધાનમંત્રી યોજના ભોલેશ્વર, જામળ અને હાપા લીખીના રોડોના કામો પણ બાંધકામ વિભાગ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે.

ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ વિકાસ કામોની વિગત આપતાં જણાવ્યું હતું કે હિંમતનગર તાલુકાનો વિકાસ એ અમારો અભિગમ છે. પાયાની જરૂરીયાતો પાણી, વીજળી, રસ્તાઓ અને આરોગ્યને લગતાં પ્રજાકીય કામો ઝડપથી થાય તેવો સરકારનો અભિગમ છે. તાલુકામાં રૂ. ૧૫ કરોડના ખર્ચે રોડ-રસ્તાના કામો થશે જેના કારણે ગ્રામ્ય વિસ્તારના લોકોનો શહેર સાથેનો નાતો જોડાશે અને ગામડાઓનો વિકાસ થશે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧